પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૪૬ | ૧૭ નવેમ્બર, ૨૦૧૮, શનિવાર; કારતક સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### સબરીમાલા મંદિર પુનઃ ખુલ્યુ

વિવાદોમાં ઘેરાયેલા કેરળના સબરીમાલા મંદિરના કપાટ બે મહિના માટે ખોલવામાં આવ્યા છે અને વાર્ષિક પૂજા પણ કરવામાં આવી છે. મંદિરના કપાટ ખૂલતા જ કેટલીક મહિલાઓએ તેમાં પ્રવેશ કરવાનો પ્રયાસ કર્યો હતો જેનો ભારે વિરોધ થયો છે.

### યુપીના નાયબ મુખ્યમંત્રીનું કોર્ટ સમક્ષ સમર્પણ

ઉત્તરપ્રદેશના ઉપ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્યએ ચૂંટણી આચારસંહિતાના ભંગ મામલે પ્રયાગરાજ કોર્ટમાં સમર્પણ કર્યુ છે. તેમના પર ચૂંટણી આચારસંહિતા ભંગની બે અને દસ વર્ષ જૂના દુર્ગાપૂજા પંડાલ સમિતિ વિવાદને મામલે ફરિયાદ દાખલ છે.

### પંજાબમાં દેખાયો મોસ્ટ વોન્ટેડ આતંકી

સુરક્ષાદળોના ટોપ લીસ્ટમાં સામેલ આતંકી જાકિર મૂસા પંજાબમાં દેખાયો છે. જેના કારણે જમ્મુ અને પંજાબમાં સુરક્ષા એજન્સીઓને હાઈ એલર્ટ કરી દેવાઈ છે.

### શશી થરુરની મુશ્કેલીઓ વધી

પૂર્વ કેન્દ્રિય મંત્રી અને કોંગ્રેસના નેતા શશી થરુરની મુશ્કેલીઓ વધી છે. પીએમ મોદી પર કરાયેલી વીંછી વાળી ટીપ્પણી વિરુધ્ધ તેમની સામે માનહાનિનો કેસ દાખલ થયો છે. આ મામલે પટીયાલા કોર્ટે કેસનો સ્વીકાર કર્યો છે અને જેના પર ટૂંક સમયમાં સુનવણી થશે.

# તમિળનાડુમાં ગાજા ચક્રવાત ત્રાટક્યું

**અભૂતપૂર્વ નુકસાન : લોખોને સુરક્ષિત સ્થળોએ ખસેડવાની ફરજ પડી : રાજ્યના અનેક વિસ્તારમાં વિજળી પુરવઠો ઠપ થતાં લોકો અંધારપટ હેઠળ મુકાયા : અનેક વિસ્તારમાં જળબંબાકારની સ્થિતિ : મોબાઇલ સિગ્નલો ઠપ**





ચેન્નાઈ,તા. ૧૬

તમિળનાડુમાં ચક્રવાતી તોફાન ગાજાના કારણે ભયંકર તબાહી થઈ છે. રાજ્યમાં હજુ સુધી ૯૦૦૦૦થી પણ વધુ લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવ્યા છે. ચક્રવાતી તોફાન સાથે સંબંધિત ઘટનાઓમાં ઓછામાં ઓછા ૧૮ લોકોના મોત થઈ ગયા છે અને અનેક લોકો લાપત્તા હોવાનું જાણવા મળી રહ્યું છે. રાજ્યના અનેક જિલ્લામાં તોફાનના લીધે મકાનોને નુકસાન થયું છે. મોટી સંખ્યામાં વૃક્ષો ધરાશાયી થયા છે. વરસાદના લીધે ત્રીચીમાં વિજ પુરવઠો ખોરવાઈ ગયો છે. મોબાઈલ સિગ્નલો પણ ખોરવાઈ

● અનુસંધાન પાન-૭ પર

# આલોક વર્મા પાસે સુપ્રીમે સીલબંધ કવરમાં જવાબ માગ્યો

**સીબીઆઈ વિવાદ મામલે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી ફરી એકવખત ટળી : વર્માના વકીલને સીવીસી રિપોર્ટની કોપી સીલ કવરમાં સોંપી દેવાઈ : અનેક મહત્વપૂર્ણ તારણો આપ્યા**

નવી દિલ્હી,તા. ૧૬

સીબીઆઈ વિરુદ્ધ સીબીઆઈની ચાલી રહેલી લડાઈના વિવાદમાં સુપ્રીમ કોર્ટમાં સુનાવણી આજે ફરી એકવાર મંગળવાર સુધી ટળી ગઈ હતી. રજા ઉપર મોકલી દેવમાં આવેલા સીબીઆઈના ડિરેક્ટર આલોક વર્માને લઈને સેન્ટ્રલ વિજિલન્સ કમિશન (સીવીસી)ના રિપોર્ટને લઈને સુપ્રીમ કોર્ટ દ્વારા મહત્વપૂર્ણ ટિપ્પણી કરવામાં આવી છે. સાથે સાથે તેમની પાસેથી જવાબની માંગ પણ કરી છે. ચીફ જસ્ટિસ રંજન ગોગોઈના નેતૃત્વવાળી બેંચે કહ્યું છે

● અનુસંધાન પાન-૭ પર

**REQUIRED**

One of The leading Stock Market leader Required staff for New Branches
At INFOCITY – CHANDKHEDA – ADALAJ & PETHAPUR.
• EQUITY DEALER CASH / F & O. • TELE CALLER.
• BACK OFFICE EXECUTIVE. • OFFICE ASSISTANT
*Attractive Salary + Incentive + Petrol...*
*Banking & finance experience prefer fresher also apply to*
bestboi123@gmail.com OR WhatsApp No. : 99747 03401
Walk with full CV on 18/11/2018 SUNDAY
Bestboy financial solution Authorised Person of KOTAK SECURITIES.
F-13/14, MEGHMALHAR, opp CNG pump. Sec -11, Gandhinagar

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય







